**Shikshan Sanshodhan : Journal of Arts, Humanities and Social Sciences** ISSN: 2581-6241
Monthly, Peer-Reviewed, Refereed, Indexed Journal Impact Factor: 5.146
Volume - 5, Issue - 2, FEB - 2022 Publication Date: 28/02/2022

DOIs:10.2018/SS/202202011 --:-- Research Article

# વૈદિક સાહિત્યમાં સોમ

**સુમિત પી. ત્રિવેદી**
વિદ્યાર્થી, અનુસ્નાતક, સંસ્કૃત, ક્રાંતિગુરુ શ્યામજીકૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટી, ભૂજ, ભારત
Email – sumittivedi602@gmail.com

**સારાંશ :-** ઋગ્વેદમાં અલગ –અલગ મંડળમાં અનેક દેવતાઓની સ્તુતિ કરવામાં આવી છે.જેમાં સોમ દેવતાની પણ સ્તુતિ જોવા મળે છે.ઋગ્વેદનું નવમું મંડળ સોમ દેવતા માટે સમર્પિત છે.સોમ દેવતાની સ્તુતિ ઋગ્વેદમાં ભિન્ન-ભિન્ન દ્રષ્ટિએ જોવા મળે છે.લૌકિક દ્રષ્ટિએ જોઈએ તો સામાન્યપણે સોમ વિશે અવું સાંભળેલું કે જ્યારે યજ્ઞ-યાગાદિ કાર્યો થતાં ત્યારે સોમરસનું પાન કરવામાં આવતું.પણ જ્યારે ઋગ્વેદનો અભ્યાસ કરીએ તો સોમના અન્ય અનેક પર્યાયવાચી શબ્દોનો પ્રયોગ ઋષિઓએ કરેલો છે.જેમ કે સોમ પેય પદાર્થ સ્વરૂપે, સોમ ચંદ્ર સ્વરૂપે, સોમ એક શૂરવીર દેવ સ્વરૂપે, સોમ એક વનસ્પતિ તરીકે વગેરે જેવા વર્ણનો ઋગ્વેદમાં જોવા મળે છે.એટલે સોમ માત્ર એક પેય પદાર્થ ન રહી જતા અન્ય સ્વરૂપે પણ દ્રષ્ટિગોચર થાય છે.ઋગ્વેદમાં ઋષિઓએ કરેલ સોમની અનેક પ્રકારે સ્તુતિનું સંકલન આ શોધપત્રમાં રજૂ કરેલ છે.

**ચાવીરૂપ શબ્દો :-** વેદ, સાહિત્ય, સોમ.

## 1. પરિચય :

વૈદિક સાહિત્યમાં ચાર વેદો-વેદાંગો ઉપરાંત બ્રાહ્મણગ્રંથો, આરણ્યકો અને ઉપનિષદો નો સમાવેશ થાય છે. આપણાં સાહિત્યમાં ચાર વેદો અતિ પ્રાચીન ગણાય છે, તેમાં પણ ઋગ્વેદ અતિ પ્રાચીન છે, વૈદિક સાહિત્યના આરંભમાં જ અનેક પ્રાકૃતિક તત્વો જોવા મળે છે. જેને આદિમાનવે ઈશ્વર તરીકે સ્વીકાર્યા અને તેની આરાધના આરંભી. અહી ઈશ્વર ને માટે દેવ શબ્દ નો પ્રયોગ કરવામાં આવ્યો છે. દેવ શબ્દ 'દિવ' ધાતુ (ચમકવું) એ પરથી બનેલો છે. તેને આધારે દેવ એટલે "ચમકતો પદાર્થ" અથવા "તેજોમય શક્તિ" એવો અર્થ થાય છે. આ રીતે વિચારતા પ્રાચીન ઋષિમુનિઓ ને જ્યાં જ્યાં ચૈતન્ય દેખાયું ત્યાં ઈશ્વર ની કલ્પના કરી. તેમનું માનવ જેવુ સ્વરૂપ કલ્પવામાં આવ્યું. તેમણે પ્રસન્ન કરવા માટે વિવિધ સ્તુતિઓ,પ્રાર્થનાઓ અને યજ્ઞો કરવામાં આવતા. આમ, ધીમે-ધીમે દેવતાઓની સંખ્યા વધતી ગઈ.
આપણે જ્યારે નિરુક્તમાં દ્રષ્ટિ કરીએ તો યાસ્ક ના મતે ત્રણ પ્રકારના દેવતાઓ છે.

तिस्र:एव देवताः इतिनैरुक्ता: |
अग्नि: पृथिवीस्थान: | वयुर्वाइन्द्रोवाअन्तरिक्षस्थान: |
सुर्योद्युस्थान:||
નિરુક્ત (૫-ખંડ / ૭-અધ્યાય)

જ્યારે ઋગ્વેદમાં સ્તુતિ કરવાના અર્થમાં દ્રષ્ટિ કરીએ તો અનેક દેવોની સ્તુતિ થયેલ છે. પરંતુ તેમાં ઇન્દ્ર, સોમ અને અગ્નિ ને વધુ લોકપ્રિય દેવ કહેવા પડે. ત્યારે આપણે વૈદિક સાહિત્યમાં સોમ નું શું મહત્વ છે એના વિષે ચર્ચા કરીએ.

## 2. સોમના પર્યાયવાચી શબ્દો :

મધ સાથે મિશ્રિત કરી પીવામાં આવતું હોવાથી સોમને પ્રાય: મધુ અથવા મધુરસ પણ કહેવાય છે પણ આ શબ્દ આકાશીય સોમ અથવા અમૃતને વિશેષ રૂપથી સૂચિત કરે છે. "અમૃત" શબ્દ પણ સોમનો પર્યાયવાચી શબ્દ છે. અનેક સ્થાનોમાં સોમરસનું પાન કરીને અમર થઇ જવાનો ઉલ્લેખ જોવા મળે છે.સોમ માટે દૂધને ધોતિત કરતો "પીયુષ" શબ્દ પણ પ્રયોજવામાં આવ્યો છે. "ઈન્દુ" શબ્દ પણ સોમનો પર્યાયવાચી શબ્દ છે.જે ચંદ્ર સાથે તાદાત્મ્ય ધરાવે છે.

## 3. સોમ એક પેય પદાર્થ :

સોમ એક વિશેષ પ્રકારની લતામાંથી કાઢવામાં આવતો એક આનંદદાયક, સ્ફૂર્તિદાયક અને બલવર્ધક પેય પદાર્થ છે. દેવોને આપવામાં આવતા દ્રવ્યોમાં સોમનું એક સર્વોત્કૃષ્ટ સ્થાન હતું. સોમયાગનું વૈદિક કર્મકાંડ માં ખૂબ જ મહત્વ છે. આ યાગોમાં ત્રણવાર અર્થાત પ્રાત:,મધ્યાહન અને સાયં આ ત્રણેય સમયે સોમનું સેવન કરવામાં આવતું હતું. ઇન્દ્રને સોમ ખૂબ જ પ્રિય છે.

વૈદિક આર્યો તે સોમ માં દૂધ અને મધનું મિશ્રણ કરી દેવતાઓને અર્પણ કરતાં. ત્યારબાદ પોતે પણ સેવન કરતાં. ઋગ્વેદમાં તો વિશેષ રૂપથી કેટલીક ઋચાઓમાં સોમરસ બનાવવાની અને પીવાની વિધિનું વર્ણન કરવામાં આવ્યું છે. સોમરસ નો ઉપયોગ વિશેષ રૂપે દેવતાઓ માટે કરવામાં આવતો હતો. એટલા માટે દેવતાઓનું મુખ્ય પેય હોય તો એ સોમરસ છે. યજ્ઞનાં આયોજનમાં પણ સોમરસનો પ્રયોગ કરવામાં આવે છે. એવું પણ કહેવામાં આવે છે કે પ્રાચીનકાળમાં ઋષિ-મુનિઓ યજ્ઞમાં સોમરસ ની આહુતિ પણ આપતા હતા.

"ઋગ્વેદની અંદર મળતી ઉપરોકત માહિતી અનુસાર સોમ એક અમૃતમય પેય પદાર્થ છે એવું આપણે કહી શકીએ".

## 4. સોમની ઉત્પતિ અને તેનું પૃથ્વી પર અવરોહણ -:

ઋગ્વેદના દસમા મંડળનાં ૩૫ માં સૂક્તના પહેલા ઋચામાં એવું કહ્યું છે કે,

" सोमस्येव मौजवतस्य भक्षोविभीदको जागृविर्मह्यमच्छान् " १०-३५-१

અર્થાત સોમ 'मुजवत'પર્વત પર ઉત્પન્ન થાય છે .ઋગ્વેદના ૯ માં મંડળના ૮૬ સૂક્તના ૧૫ મી ઋચા પ્રમાણે સોમનો વાસ આકાશ માં છે

"पदं यदस्यपरमेव्योमन्" ૯૧૫/૮૬/

તે આકાશ માં રહેલા સોમને 'શ્યેન' નામના પક્ષીએ પૃથ્વી પર લાવ્યો, જે શ્યેન તીવ્ર વેગથી ઉડવાવાળું અને સુંદર પાંખોથી યુક્ત છે .તેવું વર્ણન ઋગ્વેદના ૫ માં મંડળના ૪૫ માં સૂક્તમાં નવમી ઋચાઓમાં જોઇ શકીએ છીએ.

" रघु: श्येनपतयदन्धो अच्छायुवा कविर्दीद्यद गोषु गच्छन् "५-४५-१

એ શ્યેન નામના પક્ષીનો ઉલ્લેખ નવમા મંડળ માં પણ જોવા મળે છે.

"श्येनो यदन्धोअभरत् परावत:" ૯૬/૬૮/

આઠ માં મંડળના ૧૦૦ માં સૂક્તની ૮ મી ઋચામાં એવું કહ્યું છે કે સંપૂર્ણ શ્યેન પક્ષી દ્વારા ઇન્દ્રને માટે સોમને પૃથ્વી પર લાવવામાં આવ્યો.

" मनोजवा अयमान आयसी मतरत्पुरम् ।
दिवं सुपर्णो गत्वाय सोमं वज्रिण आभरत् |" ऋ ८८/१००/

ઋગ્વેદ ૪૩/૨૭/,૪ માં એવું કહેવામા આવ્યું છે કે જ્યારે શ્યેન આકાશ માં સોમને લઇ ઊડી રહ્યા હતા ત્યારે કૃશાનું નામક એક ધનુર્ધારી એ તેના પર બાણ ચલાવ્યા.જેમાં તેની એક પાંખ કપાઇ ગઇ .

अव यच्छयेनो अस्वनी यदधधोर्वि यद् यदिवात उहु: परंधिम् "
सृजद् यदस्मा अवह क्षिपज्ज्यां कृशानुरस्ता मनसा भुरण्यन् ।
अन्त: पतत् पतत्र्यस्य पर्णम् अध यामिनि प्रसितस्य तद्वे: ॥ ऋ ४३/२७/,४

આમ,ઋગ્વેદની ઋચાઓને પ્રમાણભૂત રાખીને જોઇએ તો સોમનું ઉત્પતિ સ્થાન આકાશ છે. અને તેને સુપર્ણ શ્યેન નામના પક્ષીએ આ પૃથ્વી પર પ્રાપ્ય કરાવ્યુ. એવી કથા જોવા મળે છે.

## 5. સોમ એક વનસ્પતિના રૂપમાં:-

ઋગ્વેદના નવમા મંડળના ૧૨ માં સૂક્તની ૭ મી ઋચા માં સોમ ને વનસ્પતિ તરીકે ઓળખાવ્યાં છે.

"नित्यस्तोत्रो वनस्पतिर्धीनामन्त: सबर्दुध:
हिन्वानोमानुषायुगा |" ऋ ९७/१२/

સોમને ઔષધીઓનો સ્વામી તથા રાજા કહેવામા આવ્યો છેજેમ કે .,

"सोमं नमस्य राजानं योजज्ञे विरुधांपति: " ऋ ९९२/११४/

ઋગ્વેદના પહેલા મંડળના સૂક્ત ૯૧ ની ૨૨ મી ઋચા ને આધારે એવું કહી શકીએ કે સોમ રાજા એ જ બધી વનસ્પતિને ઉત્પન્ન કરી .તેમાં લખ્યું છે કે,

"तवमिमाऔषधी: सोमविश्वासत्वमयोअजनयसत्वगा:|" १ ऋ/९१२२/

અર્થાત, सोमत्वमऔषधी: अजनय:|

"સોમ તમે ઔષધીઓને ઉત્પન્ન કરો છો !"

શતપથ બ્રાહ્મણ માં એવું કહેવામા આવ્યું છે કે,બધી જ ઔષધીઓ સોમ થી સંબંધિત છે .એ ઔષધીઓનો નહીં બ્રાહ્મણોનો પણ રાજા છે .જેમ

"सोम अस्माकं ब्रह्मणानां राजा |" ૯/૪૦

ઋગ્વેદમાં સોમને દેવો તથા મનુષ્યોનો રાજા કહ્યો છે.

पवित्रेभि: पवमानोनृचक्षाराजादेवानामउतमर्त्यानाम|" ૯૨/૨૭/

"આ પ્રમાણે ઋગ્વેદ ,શતપથ બ્રાહ્મણ , વજસનેયી સંહિતા અનુસાર પ્રમાણિત થાય છે કે સોમ એક શ્રેષ્ઠ ઔષધિ છે.અને તે ઔષધીઓનો રાજા પણ છે".

**Shikshan Sanshodhan** : Journal of Arts, Humanities and Social Sciences ISSN: 2581-6241
Monthly, Peer-Reviewed, Refereed, Indexed Journal Impact Factor: 5.146
Volume - 5, Issue - 2, FEB - 2022 Publication Date: 28/02/2022

## 6. સોમનું ચંદ્ર સાથે તાદાત્મ્ય:-

આ પક્ષ સર્વવિદિત છે,કે 'સોમ 'તથા 'ઇન્દ્ર ' આદિ શબ્દો સંસ્કૃત સાહિત્યમાં ચંદ્રના વાચક છે .પરંતુ આ માદક અને આહ્લાદકારી યજ્ઞીય પેય નું આકાશ માં રહેલા ચંદ્ર મંડળ સાથે તાદાત્મ્ય કેવી રીતે થયું એ આજે પણ કલ્પના નો વિષય રહ્યો છે મેક્ડોનલ નો મત છે કે ઋગ્વેદ ની કેટલીક ઋચાઓ માં સોમને ભાસ્વર તથા પ્રકાશમાન કહેવાયો છે .તે એક 'બૃહદજ્યોતિ' છે .જે અંધકારના સમૂહને નષ્ટ કરે છે .જેવી રીતે

"अवाकल्पेषुन: पुमस्तमांसिसोमयोध्या |" ઋ ૯૭/૯/

અર્થાત હે સોમ !તમે અંધકાર સાથે યુદ્ધ કરી તેને અમારાથી દૂર કરો .

"पवमानरुतमब्रुहच्छुकमज्योतिरजीजनत् |
कृष्णातमांसिजंघनत् ||" ઋ ૯૨૪/૬૬/

અર્થાત હે સોમ !તમે "शुक्रमज्योतिअजीजनत्" દેદીપ્યમાન જ્યોતિ ને ઉત્પન્ન કરો .તથા "कृष्णातमासिजंघनत" કાળા અંધકાર ને દૂર કરો.

ઋગ્વેદ માં ૯/૪૧/૫ માં કહેવામા આવ્યું છે કે સોમ પોતાના કિરણોથી ઉષા અને સૂર્યની જેમ પૃથ્વી અને આકાશ ને આપુરીત કરી દે છે.જેમ કે "आ पवस्व विचर्षणन आ मही

रोदसी पृण |
उषा सुर्या न रश्मिभि:"|| ઋ ૪૫/૪૧/

ઋગ્વેદના પહેલા મંડળના ૯૧ ના સૂક્તની ૧૬ મી ઋચા માં સોમ માટે કહેવામા આવ્યું છે કે

"आप्पायस्य समेतु ते विश्वत: सोम वृष्ण्यम् |
भवा वाजस्य सङ्थे"|| ઋ ૧૧૬/ ૯૧/

આ ઋચા માં "आप्पायस्य" એવા પદનો પ્રયોગ થયો છે .અર્થાત "सोमतवमआपयायस्व"હે સોમ તમે વૃદ્ધિ પામો . જ્યારે ચંદ્ર ની કળાઓની વૃદ્ધિ ને પણ આપ્યાયન કહેવામા આવે છે .આમ,ચંદ્ર અને સોમ બંનેની ક્રિયા માટે એક જ પદ ના પ્રયોગને લીધે સોમ અને ચંદ્ર નું તાદાત્મ્ય જોવા મળે છે.

વૈદિક સાહિત્યમાં સોમ માટે 'इन्दो' શબ્દ નો ઉપયોગ જોવા મળે છે. इन्द्रायइन्द्रोपरिस्रवऋ ૯ ૧/૧૧૨/જ્યારે સંસ્કૃત આટલે લૌકિક સાહિત્યની અંદર ચંદ્ર માટે 'इन्द्र'શબ્દ નો પ્રયોગ જોવા મળે છે.

ઋગ્વેદના આઠમાં મંડળના ૮૨ માં સૂક્ત ની ૮ મી ઋચામાં તો સોમની તુલના પણ કરવામાં આવી છે.

"यो अप्सु चंद्रमा इव सोमसश्चमूषु ददृशे |
पिबेदस्य त्वमिशिषे||" ઋ ૮૮/૮૨/

ઉપરોક્ત પ્રમાણો તથા કારણો જોઈ ચંદ્ર અને સોમ નું તાદાત્મ્ય કરી દેવું એ સ્વભવિક છે એવું પણ બની શકે કે સોમ અને ચંદ્રની ઉભયનિષ્ઠ વિશેષતા 'औषधिपतित्व' ના કારણે પણ તેમનું તાદાત્મ્ય જોવા મળે છે.

ઔષધિઓમાં શ્રેષ્ઠ હોવાના કારણે સોમને 'विरुधांपति'તથા ઔષધિઓના રાજા કહેવામા આવ્યા છે તથા વૈદિક કાળમાં એવી ધારણા વિદ્યમાન હતી કે સૂર્ય પોતાના પ્રખર તેજ થી ઔષધિઓના રસને સૂકાવી નાખે છે .પણ ચંદ્ર પોતાના શીતળ કિરણો દ્વારા તેને પુષ્ટ કરી અને રસનો સંચાર કરે છે.

સોમ અને ચંદ્રમા ના તાદાત્મ્ય નો સંકેત ઋગ્વેદમાં ઘણા પ્રમાણમા જોવા મળે છે. ઋગ્વેદના દસમા મંડળના ૮૫ માં સૂક્તમાં સૂર્ય ની પુત્રી ઉષા અને સોમના વિવાહ નું વર્ણન જોવા મળે છે .આ સોમ નિશ્ચિત રૂપથી ચંદ્ર જ છે,એવું સાબિત થાય છે પહેલી ઋચા પ્રમાણે સોમ આકાશ માં સ્થિત છે .दिविसोमोअधीश्रीत" ૧૦/૮૫/૧ બીજી ઋચામાં સોમને નક્ષત્રોની વચ્ચે સ્થિત છે એવું કહે છે 'अथोनक्षत्राणामुपस्थेसोमआहित: ||" તૃતીય ઋચામાં કહેવામા આવ્યું છે કે લોકો ઔષધિને પીસી તેનું પાન કરે છે . અને એ સમજે છે કે અમે સોમનું પાન કરી લીધું પરંતુ જે વાસ્તવિક સોમ છે અને જેના રહસ્ય ને જ્ઞાની લોકો જ જાણે છે તેનું કોઈ પણ પાન કરી શકતું નથી.

"सोमं मन्येत पपिवान् यत् संपिषन्ति औषधिम् ।
सोमं यं ब्रह्माणो विदु: नतस्याश्नाति कश्चन ||"

આમ, ઋગ્વેદ પ્રમાણે સોમ એક રસ નહીં પણ સોમ એ ચંદ્ર પણ છે ઉપરોક્ત મતો પ્રમાણે સોમ અને ચંદ્ર નું તાદાત્મ્ય સંધાય છે.

## 7. સોમ એક શૂરવીર દેવ સ્વરૂપે-:

આપણે આગળ જોયું કે સોમ એક અમૃતમય રસ છે સોમને ચંદ્ર સાથે પણ સરખાવ્યો, સોમ એક વનસ્પતિ પણ છે .એક નવી દ્રષ્ટિ એ જોઈ એ તો ઋગ્વેદમાં સોમ એક શૂરવીર દેવ તરીકે પણ જોવામાં આવે છે .સોમને પણ એક આકૃતિ આપવામાં આવી છે .સોમ શૂરવીર ની જેમ આયુધો ધારણ કરે છે. જેમ કે,'शुरो न धत्त आयुधा" 'ઋ ૯ સોમને ૨/૭૬/ધાવાપૃથ્વીનો ઉત્પાદક કહેવામા આવ્યો છે 'प्रहिन्वानो जनिता रोदस्यो 'ઋ ૯ ૨/૧૦/

સોમ વિના ઇંદ્રાદિક દેવો પણ શક્તિહીન બની જાય છે સોમની શક્તિ થી જ ઇન્દ્ર શૌર્ય ના વિવિધ કર્યો કરે છે જેવી રીતે,

"पुषा विष्णुस्त्रीणि सरांसि धावन्वृत्रहणं मदिरमंशु मस्यै " ऋ ૬૧૧/૧૭/

અર્થાત " :હે ઇન્દ્ર !તમારી વૃધ્ધિ માટે વિષ્ણુદેવ ત્રણ પાત્રોમાં વૃત્રાસુર ને હણવાની શક્તિ વધારનાર એવા સોમરસને ભરે છે ". એટલે કે પ્રત્યક્ષ રીતે ઇન્દ્ર ' वृत्रहन् ' છે તો પરોક્ષ રીતે સોમ પણ ' वृत्रहन् 'છે.

આમ, સોમ પણ એક શૂરવીર દેવ છે એવું ઉપરોક્ત મતાનુસાર કહી શકાય દેવતાના રૂપમાં સોમ નું માનવીકરણ ઓછું છે .લગભગ અગ્નિ અને વાયુ થી પણ ઓછું હશે .સોમના માત્ર એવા જ ગુણોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે જે બધા જ દેવોમાં સામાન્ય છે.

આમ તો સોમ પર લખવું એ ઘણો મોટો વિષય છે. કારણકે જેના માટે આખું મંડળ સમર્પિત હોય તે ખરેખર સંશોધન નો વિષય બને છે. ઋગ્વેદમાં આપણે દ્રષ્ટિ કરીએ તો સોમ નો ઉલ્લેખ ભિન્ન ભિન્ન પ્રકારે કરવામાં આવ્યો છે. કેટલીક ઋચાઓમાં સોમ એક પેય પદાર્થ તરીકે જોવા મળે છે તો કેટલીક ઋચાઓમાં સોમ શ્રેષ્ઠ ઔષધિ પુરવાર થાય છે. તો કેટલીક ઋચાઓમાં તેને માનવીકરણની આકૃતિ આપી અને દેવ તરીકે પૂજવામાં આવ્યા છે.

ઉપરોક્ત પ્રમાણો ને એક દ્રષ્ટિએ જોતાં એવું પ્રમાણિત થાય છે કે વૈદિક કાળની અંદર જેમ અગ્નિ,ઇન્દ્ર વગેરે દેવતાઓને વિશિષ્ટ સ્થાન હતું તેવી જ રીતે સોમનું પણ મહત્વનુ સ્થાન હશે.

**સંદર્ભગ્રંથ :-**

1. ત્રિપાઠી, ગયાચરણ.(૧૯૮૨.)"વૈદિક દેવતા ઉદ્‌ભવ અને વિકાસ". ભારતીય વિધા પ્રકાશન, દિલ્લી.
2. આચાર્ય, વેદાંતતીર્થ."ઋગ્વેદ(ભાગ-૪)". મનોજ પબ્લિકેશન, દિલ્લી.
3. શર્મા, નારાયણ.(૧૯૪૬)."ઋગ્વેદ સંહિતા સાયણાચાર્ય ભાષ્યસહિત(ભાગ-૪)"વૈદિક સંશોધન મંડળ, મહારાષ્ટ્ર.